# India-Ireland consultations on UNSC Issues

February 25, 2021

---

# સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનાં મુદ્દાઓ પર ભારત-આયર્લેન્ડ પરામર્શો

ફેબ્રુઆરી 25, 2021

આજ VTC પ્લેટફોર્મનો ઉપયોગ કરીને ભારત અન આયર્લેન્ડ દ્વારા સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનાં મુદ્દાઓ પર દ્વિપક્ષીય પરામર્શો યોજ્યા હતા. બન્ને પક્ષોએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં તેઓનાં ચૂંટાઇ આવવા બદલ એકબીજાને અભિનંદન પાઠવ્યા હતા અને તેઓની સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની પ્રાથમિકતાઓ પર એકબીજાને સંક્ષિપ્ત માહિતી પ્રદાન કરી હતી.

આયરિશ પ્રતિનિધિ મંડળની આગેવાની સંયુક્ત રાષ્ટ્રનાં નિર્દેશક અને વિદશી અન વ્યાપારી બાબતોનાં વિભાગનાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની કાર્યોની ટુકડીનાં વડા જીરાર્ડ કીઓવન દ્વારા કરવામાં આવી હતી, અને તેમાં તેઓનાં સંયુક્ત રાષ્ય્રમાં કાયમી મિશનનાં અધિકારીઓ સહિત ભારતમાં આયર્લેન્ડનાં રાજદૂતનો પણ સમાવેશ થતો હતો. ભારતીય પ્રતિનિધિ મંડળની આગેવાની સંયુક્ત સચિવ (UNP અને શિખર સંમેલનો) શ્રી પ્રકાશ ગુપ્તાએ કરી હતી જેમાં ડબ્લિન સ્થિત ભારતીય રાજદૂત અને UNES તથા વિદેશ મંત્રાલયનાં પશ્ચિમ વિભાગ તથા ન્યુયોર્કમાં ભારતનાં કાયમી મિશનનાં અધિકારીઓ સામેલ થયા હતા.

બન્ને પક્ષોએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની કાર્યસૂચી પરનાં બૃહદ શ્રણીનાં મુદ્દાઓ પર ચર્ચા કરી હતી અન 2021-2022 માં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં તેઓનાં કાર્યકાળ દરમિયાન નિકટતાથી કાર્ય કરવા સંમત થયા હતા.

**નવી દિલ્હી**

**ફેબ્રુઆરી 25, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.